# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠક આજ રોજ સમિતિખંડમાં મળી હતી. જેમાં નીચેની બાબતોની ચર્ચા થઈ અને નિર્ણયો લેવામાં આવેલ છે.

- ઉચ્ચતર માધ્યમિક ધોરણ–૧૨ કક્ષાએ હાલ ઉત્તરની ભાષા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી છે તેને બદલે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સિન્ધી, ઉર્દૂ, તેલુગુ ભાષામાં ઉત્તરો આપી શકે તે માટે વિવિધ મંડળો પક્ષે રજૂઆતો મળતા તે સંદર્ભે સામાન્ય પ્રવાહમાં ઉમેદવારો જે માધ્યમમાં અભ્યાસ કરતાં હોય તે માધ્યમની ભાષા એટલે કે સીંધી, ઉર્દુ (અરેબીક–દેવનાગરી) મરાઠી, તેલુગુ, તમીલ ભાષામાં ઉત્તરો આપી શકશે તેવું ઠરાવવામાં આવ્યું. તેમજ વિજ્ઞાન પ્રવાહ ધોરણ–૧૨માં બધીજ ભાષામાં થઈને કુલ ૧૩૩ વિદ્યાર્થી હતા જે પરીક્ષા કાર્યમાં ગોપીનીયતાના પ્રશ્નો અગત્યના હોય વિજ્ઞાન પ્રવાહ પુરતી આ માંગણી ગ્રાહય રાખવાનું જરૂરી નહી જણાતા વિજ્ઞાનપ્રવાહ માટે ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ઉત્તરની ભાષા રાખવાનું ઠરાવવામાં આવ્યું.
- જૂન–૨૦૧૧ના શૈક્ષણિક વર્ષથી માધ્યમિક શિક્ષણના ધોરણ–૯ના શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનો કાર્યક્રમ અમલમાં મુકેલ છે તે કાર્યક્રમને આગામી વર્ષે (૨૦૧૨) ધોરણ–૧૦માં અમલમાં મુકવાની ચર્ચા કરવામાં આવી ૩૦ % શાળાકીય મૂલ્યાંકનના અને ૭૦% બોર્ડની પરીક્ષાનું ગુણ ભાર રાખવાની વિચારણા કરવામાં આવી અને સમગ્ર બાબતની આ અન્વયે પરીક્ષા સમિતિમાં ચર્ચા કરી જરૂરી નિર્ણય લેવા ભલામણ કરવામાં આવી.
- ધોરણ–૮ પ્રાયમરીમાં જતાં ટેકનીકલ અને ઉત્તરબુનિયાદી અને વ્યવસાલયક્ષી, વાણિજય અભ્યાસક્રમ બંધ થશે તેથી ધોરણ–૮નો અભ્યાસક્રમ ધોરણ–૯ અને ૧૦માં સપ્રમાણ સુવર્ધિત કરવાનું ઠરાવવામાં આવ્યું તેમજ નવીન પાઠય પુસ્તકો જૂન–૨૦૧૨થી અમલમાં આવે તે રીતે તૈયાર કરવાનું પાઠય પુસ્તક મંડળને જણાવવા ઠરાવવામાં આવ્યું.

(ડૉ.કે.આર.ઝાંઝરૂકીયા)<br>સચિવ,<br>ગુજરાત માધ્યમિક અને<br>ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,<br>ગાંધીનગર

તા.૩/૯/૨૦૧૧<br>સ્થળ : ગાંધીનગર